શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

તમસો માં જ્યોતિર્ગમય

# પંચોલી નવયુગ



જુન-જુલાઈ-ઓગસ્ટ - ૨૦૨૨ અંક- ૬-૭-૮ વર્ષ : ૫૮ સળંગ અંક : ૪૯૧-૪૯૨-૪૯૩

માસિક કિંમત-રૂા. ૧૦/- વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi Navyug Email : pancholinavyug@gmail.com

Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org

## નવયુગ શુભેચ્છક

### દસમી પૂણ્યતીથીએ હાર્દિક શ્રંધ્ધાંજલિ



### સ્વ. જેકોરબેન વિઠલદાસ પંચોલી

જન્મ : ૨૪:૧૧:૧૯૨૦ સ્વર્ગવાસ : ૦૭:૦૬:૨૦૧૨

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત,
પરિશ્રમ જેનું કર્તવ્ય, પરમાર્થ જેની ભકિત તથા
દિર્ઘદ્દષ્ટિ વાળું આયોજન અને સમજણ પૂર્વકની કરકસર હતી.
એવા અમારા પૂ. જેકોરબા ચંદન જેવું જીવન જીવીને શીતળતા
અમો સૌને આપી ગયા, ખુદ ઘસાયને સૌને કાજે સૌરભ બની
પ્રસરી ગયા, આપનો પરોપકારી વ્યવહાર કુશળ કુટુંબ ભાવનાના
અમો સૌને દર્શન કરાવી સુખ સાગરમાં વહેતા મુકી ગયા....
પરોપકાર આપનું રટણ હતું અને પરિશ્રમ આપનું કર્તવ્ય હતું
આવો સંસ્કારિક વારસો અમો સૌને આપી આપ દત્તશરણ થયા..
આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ મળે એજ
પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ કોટી કોટી વંદન

### અર્પણકર્તા

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| સ્વ. ઠાકોરભાઈ વિ. પંચોલી | ગં.સ્વ. જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર **2012-2032**

## નવયુગ શુભેચ્છક

### દસમી પૂણ્યતીથીએ હાર્દિક શ્રંધ્ધાંજલિ



### સ્વ. શ્રી મણીલાલ ભુલાભાઈ પંચોલી

જન્મ : ૧:૧:૧૯૨૭ ઉ.વ. : ૮૫ સ્વર્ગવાસ : ૦૯:૦૬:૨૦૧૨

‘ પડખે ઉભા રહી ટેકો દીધો સદા,
આજે સાદ તમારો સંભળાય નહીં.
સહવાસની સુવાસને કદીય વિસરાય નહીં,
કંડારી ગઈ એક નવી કેડી એલદીલી તમારી.
જીંદગી જીવવાની, સદા નત મસ્તકે નમન કરીએ,
આપની જીવન જીવવાની રાહને.
અમ અંતરે, હૈયે રહેશો આપ સદા.....’ એજ અમારી
પ્રાર્થના


### અર્પણકર્તા

કિરણ મણીલાલ પંચોલી અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
કૌશલરાજ કિરણ પંચોલી અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી
ચિ. ધ્યાના - ચિ. ક્રિશિવ કૌશલરાજ પંચોલી
અ.સૌ. હેતલ અક્ષર ગાંધી શ્રી અક્ષર જયેશભાઈ ગાંધી
ચિ. હિયાંશ અક્ષર ગાંધી

૨૦૨, રજે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ,
બ્રહ્માકુમારી સેન્ટર સામે, પ્લોટ ૬-ડી,
દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨
મોબાઈલ : 7977729278

**2012-2032**

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
# વિધવા સહાય વ્યાજ વપરાશ ફંડ



**સ્વ. મગનભાઈ** **સ્વ. મહાલક્ષ્મીબેન**

**વ્યારા નિવાસી સ્વ. મહાલક્ષ્મીબેન મગનલાલ મિસ્ત્રી સ્વ. મગનભાઈ હરિભાઈ મિસ્ત્રી**
**તથા**
**સ્વ. અમ્રતલાલ મગનભાઈ મિસ્ત્રી**
**ના સ્મરણાર્થે**
**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને વિધવા સહાય વ્યાજ વપરાશ ફંડ માટે**
**રૂા. ૫૧,૦૦૦/-(અંકે રૂા. એકાવન હજાર) નું માતબર દાન મળ્યું છે.**

## હસ્તક

જયાબેન અમ્રતલાલ મિસ્ત્રી-વ્યારા
ત્રિવેણી મુકુલ મિસ્ત્રી-મુંબઈ
નયના નયન પંચોલી-રાજપીપલા
મોનિકા ભાવેશ મિસ્ત્રી-મુંબઈ

**દાતાશ્રીઓના અમો આભારી છીએ....**

હિતેશભાઈ પી. ગાંધી-પ્રમુખ    જયેશભાઈ સી. પંચોલી - મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
# શૈક્ષણિક સહાય વ્યાજ વપરાશ ફંડ



**સ્વ. અમ્રતલાલ મગનભાઈ મિસ્ત્રી**
**સ્વર્ગવાસ : ૧૨:૦૬:૨૦૦૨**

**વ્યારા નિવાસી સ્વ. અમ્રતલાલ મગનભાઈ મિસ્ત્રી**
ની ૨૦મી પ્રણ્યતિથિ નિમિત્તે
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને શૈક્ષણિક સહાય વ્યાજ વપરાશ ફંડ માટે
રૂા. ૫૧,૦૦૦/-(અંકે રૂા. એકાવન હજાર) નું માતબર દાન મળ્યું છે.

**હસ્તક**
જયાબેન અમ્રતલાલ મિસ્ત્રી-વ્યારા
ત્રિવેણી મુકુલ મિસ્ત્રી-મુંબઇ
નયના નયન પંચોલી-રાજપીપલા
મોનિકા ભાવેશ મિસ્ત્રી-મુંબઈ

**દાતાશ્રીઓના અમો આભારી છીએ....**
હિતેશભાઇ પી. ગાંધી-પ્રમુખ     જયેશભાઇ સી. પંચોલી - મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

જુન-જુલાઈ-ઓગસ્ટ
૨૦૨૨

તમસો માં જ્યોતિર્ગમય

-: પ્રકાશન સ્થળ :-

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. | ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. | ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. | ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. | ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. | ૮૦૦/- |
| પા પેજ | રૂા. | ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક** રૂા. ૧૦/-
**વાર્ષિક લવાજમ** રૂા. ૧૦૦/-

# તંત્રીની કલમે.....



વ્હાલા જ્ઞાતિજનો

સહુ કુશળ હશો.

અષાઢ મહિનાથી શરૂ થાય છે તહેવારોની હારમાળા.... વિવિધ તહેવારો જીવનમાં કાંઇ કાંઇ બોધ આપતા હોય છે અને આપણે જાણીએ જ છીએ... તો આપણે સૌ ઘરનાં સાથે ભેગા મળી આનંદ કિલ્લોલથી તહેવારોની મોજ માણીએ.... કારણ કે 'મોજમાં રહેવું..મોજમાં રહેવું...મોજમાં રહેવું રે...' અનેક આધિ વ્યાધી અને ઉપાધીમાં પણ આનંદ અપાવે એ તહેવાર....

અને લાસ્ટમાં આવે છે દિવાળી....હિંદુ સમાજનો મોટામાં મોટો તહેવાર... અને દર વર્ષે આપણે પંચોલી નવયુગનો દિવાળી અંક બહાર પાડીએ છીએ.... માની લો નવયુગ માટે ફંડ રેઝીંગ... તો આ વર્ષે દરેક જ્ઞાતિજનો નવયુગમાં જાહેરાત નો વરસાદ વરસાવી દેજો.. જાહેરાત ના આપો તો રૂા. ૧૦૦/- કે રૂા. ૨૦૦/- નવયુગને શુભેચ્છા ભેટ આપો... જેથી પંચોલી નવયુગને પગભર કરી શકીએ.. અને પંચોલી સમાજ પણ મન ભરીને નવયુગની ઝોળી છલકાવી દેશો... એવી આશા અસ્થાને નથી અને મારા જ્ઞાતિજનો પણ કેવા છે...જાણો છો... માંગુ દશ અને આપે વીશ...જય દ્વારકાધીશ'

અલુણા અને ગૌરીવ્રત પ્રસંગે કુવારી કન્યાના ફોટોગ્રાફ તથા ૧૫ ઓગસ્ટ નિમિત્તે રાષ્ટ્રધ્વજ સાથે આપના બાળકોનો ફોટોગ્રાફ મોકલશો... આથી દિવાળી અંકમાં ફ્રીમાં છાપવામાં આવશે. ૨૫ સપ્ટેમ્બર પહેલા મોકલશો.

દિવાળી અંક માટે આપણા જ સમાજના કવિ, કવિયત્રી, તથા શાયરોને વિનંતી કે કાવ્ય, શાયરી, હાઇકુ કે લેખો ૨૫ સપ્ટેમ્બર પહેલા લખી મોકલાવશો..

**અંતમાં.....ભૂલ એટલે તમે પ્રયત્નો કર્યા છે એની સાબિતી**

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

# પ્રમુખ નોંધ....



વ્હાલા જ્ઞાતિજનો

સહુ કુશળ મંગળ હશો.

હાલમાં હમણાંજ આપણા મહામંડળની ૭૦મી સામાન્ય સભા વ્યારા મુકામે યોજાઇ ગઇ. સાથે સાથે સમાજ સુરક્ષા યોજનાની પણ સામાન્ય સભા યોજાઇ ગઇ. સારી આગતાસ્વાગતા, સારો ચ્હા નાસ્તો, ભોજન નાના ગામમાં સમાજની વિશાળ વાડી અને કાર્યકરોનો ઉત્સાહ નોંધનીય અને ધન્યવાદને પાત્ર છે. ખરેખર વ્યારા સબસે ન્યારા કહેવાય એ ખોટું નથી.

આપ સહુ જાણો જ છો કે દર વર્ષે સામાન્ય સભામાં આપણે મહામંડળના વાર્ષિક હિસાબો રજુ કરતા હોઇએ છીએ જેથી દરેક જ્ઞાતિજનો ને આપણી ગતિવિધિ થી માહિતગાર કરી શકીએ. સમાજ માટે નવા રચનાત્મક વિચારો મળે, નવુ આયોજન વિચારાય, આ માટે સામાન્ય સભામાં વધારેમાં વધારે એકમો, તેમના પ્રમુખ-મંત્રી અને અન્ય સભ્યો હાજર રહે તે ઇચ્છનીય છે. મને જણાંવતા આનંદ થાય છે કે આ વર્ષે સામાન્ય સભામાં ૧૬ એકમો અને ૧૪૫ સભ્યોએ હાજરી આપી હતી. આ જ દર્શાવે છે કે ફરીથી આપણે સહુ સક્રિય બની સમાજને સંગઠીત કરી શકીશું.

સામાન્ય સભામાં ઘણી વખત ચર્ચાઓ થતાં થતાં ઉગ્રતા આવી જાય છે. આવી ઘટનાઓથી યુવાનોમાં નિરસતા જન્મે છે. આથી દરેક જ્ઞાતિજનોને વિનંતી કે પોતાની રજુઆત શાંતિથી કરે જેથી સભાની ગરીમા જળવાય રહે અને સમયની બરબાદી ઓછી થાય. એક અન્ય અગત્યની વાત એ પણ છે કે ' મતભેદ હોય, પણ મનભેદ ન હોવો જોઇએ.' સમાજને ઉન્નતિના શિખરે લઇ જવો હોય તો મનભેદ ન રાખી શકાય.

આ સામાન્ય સભામાં હિસાબોનાં એજન્ડા સીવાય અન્ય કાર્યો થયાં, સંલગ્ન સંસ્થાઓ એ તેમનો વાર્ષિક ગતિવિધિઓ રજુ કરી. શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સ્વ. અ.સૌ. ભગવતીબેન અને સ્વ. શ્રી મણીલાલ ભુલાભાઇ પંચોલી ના સ્મરણાર્થે હસ્તે કિરણભાઇ એમ. પંચોલી તરફથી સમાજના શ્રેષ્ઠ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીને પ્રોત્સાહક ઇનામ વ્યાજ વપરાશ ફંડમાંથી શ્રેષ્ઠ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને ચેક અર્પણ કરાયા. જેઓ રૂબરૂ હાજર ન રહી શકતા તેમના એકમના પ્રતિનિધિને અપાયા. તેજ રીતે મહિલા મંડળની બહેનોને પણ ઇનામો અપાયા. યુવાનો દ્વારા આવનારા સમયમાં રચનાત્મક કાર્યો કરવાની પરિકલ્પના રજુ કરી.. વેબ સાઇટની અગત્યતા અને ભવિષ્યમાં નવા જનરેશન માટે કદાચ એપ પણ ડેવલોપ થશે એવો આશાવાદ જણાવ્યો. તબીબી સેવા સંકુલ દ્વારા સમાજમાં કોઇપણ એકમમાં મેડિકલ કેમ્પ કરવા માટે સહાય-સહયોગ અપાશે તેની જાણ કરી. નવયુગમાં જાહેરાતના ભાવો છેલ્લા સાત આઠ વર્ષથી વધાર્યા નથી પણ ખર્ચાને પહોંચી વળવા અને મોંઘવારીને ધ્યાને લઇ એ પર નોંધ લેવા જણાવ્યું. સ્વ. સી.ટી.સ્મારકનિધિ દ્વારા અપાયેલ સહાયની જાણકારી અપાઇ. સમાજ સુરક્ષા યોજનાની અલાયદી મિટિંગમાં તેની ગતિવિધિઓની વિસ્તૃત ચર્ચા થઇ હતી.

બાળકોની શાળા-કોલેજો શરૂ થઇ ગઇ હશે જ. તો સહુ મન લગાવીને ભણજો જેથી તમારી સારી કેરીયર બને. ભણવા માટે તમને સમાજ તરફથી સ્વ. સી.ટી. સ્મારકનિધિ હેઠળ આર્થિક સહાય આપવામાં આવે છે. વિશેષ જરૂરીઆતવાળાને એલ.સી. સોશ્યલ ગ્રુપ તરફથી દર વર્ષે સહાય પ્રાપ્ત થાય છે. મુંબઇના 'લીલાવતી છગનલાલ મેમોરીયલ ફંડ' દ્વારા પણ ઉચ્ચ શૈક્ષણિક અને વિધવા નિરાધાર સહાય અપાય છે. વળી દરેક એકમો પોતાની ક્ષમતા અનુસાર જ્ઞાતિજનોને અને બાળકોને સહાય આપે છે. તો સહાય પ્રાપ્ત કરનાર દરેકને વિનંતી કે જેણે તમને પ્રોત્સાહિત કર્યા છે તેમને તમે યાદ રાખજો.

નવયુગ શુભચિંતક | શ્રી સંજીવ પંચોલી વડોદરા | શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી વડોદરા

મિત્રો હાલમાં વર્ષાઋતુ ચાલી રહી છે. આ ઋતુ સૌને આનંદીત કરતી અને બાળપણને યાદ કરાવતી આવે. 'વો કાગઝ કી કશ્તી, વો બારીશ કા પાની' વળી સાથે સાથે તહેવારોની વણઝાર પણ આવે છે. સહુ કુટુંબીજનો સાથે રહી તહેવારોની મોજ માણજો. સાથે સાથે સમાજને પણ યાદ રાખજો...અને આ અંકમાં આપેલ દિવાળી શુભેચ્છા જાહેરાતના ફોર્મ ભરી સમય મર્યાદા પહેલા તંત્રીશ્રીને મોકલી આપશો.. અને નવયુગનું ઋણ ચુકવશો..

વ્યારાના સ્વ. મગનભાઈ હરિભાઈ મિસ્ત્રી તથા મહાલક્ષ્મીબેન ના સ્મરણાર્થે રૂા. ૫૧,૦૦૦/- વિધવા સહાયમાં વ્યાજ વપરાશ ફંડમાં, તેમજ સ્વ. અમ્રતલાલ મગનભાઈ મિસ્ત્રીના સ્મરણાર્થે રૂા. ૫૧,૦૦૦/- શૈક્ષણિક સહાય વ્યાજ વપરાશ ફંડમાં હસ્તે જયાબેન અમ્રતભાઈ મિસ્ત્રી તથા ત્રિવેણીબેન અને નયનાબેન તરફથી મળ્યા છે.. અંકલેશ્વરના શ્રી નિલેશભાઈ સોમાભાઈ મહેતા તરફથી સ્વ. પુત્રી વૃષાલીની તૃતિય પૂણ્યતિથિ નિમિત્તે મહામંડળને શૈક્ષણિક સહાય માટે આપ્યા છે. આવો જ મહામંડળને દાનનો પ્રવાહ વહેતો રહેશે એવી આશા સહ...જય પંચોલી સમાજ

હિતેશભાઈ પી. ગાંધી - પ્રમુખ
શ્રી પં.સે.સ.મહામંડળ
મો. : ૯૮૨૫૨૧૩૬૪૫
email : hgandhiji@gmail.com

# આપણું ગૌરવ



ચિ. પ્રિયા

ગણદેવી નિવાસી તથા શ્રી ગણદેવી પંચના પ્રમુખ શ્રી ચિંતુભાઈ ભગુભાઈ મિસ્ત્રી તથા વૈશાલીબેનની સુપુત્રી ચિ. પ્રિયા એ ઓડ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સ્વ. રતિભાઈ પ્રભુદાસ પટેલ નર્સિંગ હોમમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ સુમનદીપ વિદ્યાપીઠ વડોદરા દ્વારા યોજાયેલ ગુજરાત સ્ટેટ નર્સિસ ક્રિકેટ ચેમ્પીયનશીપ ટુર્નામેન્ટ ૨૦૨૨માં ઝળહળતો વિજય પ્રાપ્ત કરેલ છે.. જેમાં ચિ. પ્રિયા એ 'વુમન ઓફ ધ મેચ'ની ટ્રોફી તથા મેડલ પ્રાપ્ત કરી કોલેજનું, માતા-પિતાનું તથા સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે.

સમગ્ર પંચોલી સમાજ ચિ. પ્રિયાને અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

## શ્રી પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** A/C **પંચોલી નવયુગ** ના નામે

બેંક ઓફ બરોડા-અંકલેશ્વર ના સેવિંગ્સ ખાતા ન

**02210100057495, IFSC : BARB0ANKLES**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો.

તંત્રી : દિનેશભાઈ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

(**IFSC CODE** માં પાંચમો ડીજીટ ઝીરો છે..)

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનો નવો એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ' ના નામે બેંક ઓફ બરોડા-વ્યારા શાખા,

**A/c. No. : 02690100010065,**
**IFSC Code : BARB0YYARAX**

(પાંચમો અંક ઝીરો છે)

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો..

પ્રમુખશ્રી હિતેશભાઈ પી. ગાંધી-વ્યારા

Shaadi.com

| | | | |
|---|---|---|---|
| Name | : **Daxesh Pancholi** | | |
| Date of Birth | : 15 July, 1990 | Birth Time : | 00.07am |
| Birth Place | : Surat | | |
| Height | : 5'6" | Weight | : 60kg. |
| Skin | : Fair | | |
| Language | : Hindi, Gujarati, English | | |
| Cast | : Hindu | | |
| Education | : Civil Engineer Degree Distinction | | |
| | : M.Tech. Structural Ranker | | |
| Food | : Vegetarian | | |
| Native Place | : Surat-Gujarat | | |
| Marital Status | : Unmarride | | |

**Family**

| | | |
|---|---|---|
| Father | : Ishwarlal A. Pancholi | 63 years |
| Contact | : 9898417363 | |
| Mother | : Jyoti Pancholi | 59 Years |
| Grand Mother | : Shantaben A. Pancholi | 89 Years |
| Sister | : Hita Amar Pancholi - 34 Years Married at Leicester-UK | |



**Daxesh Pancholi**




**Anjali Anand Pancholi**
**(Fashion Designer)**

# *Congratulations.....*

*Congratulation on your well deserved Success from Pancholi Parivar to*

**Anjali Anand Pancholi**

*for Completing her BSc.-Home Science and Under graduation in Fashion Designing and technology. We are proud of her amazing accomplishment*

**-: Achievements :-**

*Thesis Gold Medal in Fashion Designing and technology with 90 % and First in University*

*Daughter of*


*Anand Jayantilal Pancholi    Dipika Anand Pancholi*

**Best Compliments from**

*Nirmalaben & Jayantilal G. Pancholi*
*Rita & Samir J. Pancholi*

**Address :** "Matru Chhaya" Joshi Street, Opp. Anavilwadi, Navsari-396 445
Anand : 9173623021 - Samir : 9998303638

# શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા



## આભાર પત્ર

### ગં.સ્વ. જયાબેન અમૃતલાલ મિસ્ત્રી

આપશ્રી તરફથી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારાને
રૂા. ૫૦,૦૦૦/-(અંકે રૂા. પચાસ હજાર પુરા)નું માતબરદાન
આપશ્રીના પુત્ર **સ્વ. કિશોરભાઈ અમૃતભાઈ મિસ્ત્રી**ના સ્મરણાર્થે
સમાજનાં મેડિકલ સહાય હેતુથી વ્યાજ વપરાસ ફંડ તરીકે મળેલ છે.
જે આભાર સહ સ્વીકારીએ છીએ.
આપશ્રી તથા આપના કુટુંબીજનો તથા પરિવારનો પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા
આભાર વ્યકત કરે છે. આવી જ રીતે સમાજના શુભ કાર્યોમાં જોડાઈને મદદરૂપ થતા રહેશો..
ભગવાન સૌનું કલ્યાણ કરે.... સહકારની અપેક્ષા સહ.

રાજેશ ડી. પંચોલી - પ્રમુખ ભદ્રેશ એચ. મિસ્ત્રી-મંત્રી
શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ-વ્યારા



**મનાલી-નિશિર**
**લગ્ન તારીખ ૧૪.૦૪.૨૦૨૨**

## મંગલ પરિણયના અભિનંદન

પરિણય પથ પર ડગ માંડતા
### ચિ. નિશિર અને ચિ. મનાલી
હાર્દિક અભિનંદન સહ
પરિણય પથ પર પ્રેમના પુષ્પો ખીલતા રહે....
પ્રણયના ફાગ ફોરમતા રહે..
અને આપનું જીવન સદા સુગંધીમય બની રહે
એવી શુભેચ્છાઓ..

**શુભેચ્છક**
સ્વ. દિપકભાઈ નટવરલાલ મિસ્ત્રી
ગં.સ્વ. સીમાબેન દિપકભાઈ મિસ્ત્રી
અંકિતકુમાર મુકેશભાઈ મિસ્ત્રી
શ્વેતા અંકિતકુમાર મિસ્ત્રી
ચિ. ત્રીસા-ચિ. ધીયા અંકિતકુમાર મિસ્ત્રી

બી-૭૦૪, સનસાઈન કોમ્પલેક્ષ, ટાટા હોલ પાસે,
નવસારી
મો. ૯૮૨૫૯ ૮૦૮૪૦



સ્વ. જસવંતીબેન શાંતિલાલ મિસ્ત્રી
સ્વર્ગવાસ : ૧૭:૦૪:૨૦૦૭

# હાર્દિક શ્રદ્ધાંજલી

**સ્વ. જસવંતીબેન શાંતિલાલ મિસ્ત્રી**
**સ્વર્ગવાસ : ૧૭:૦૪:૨૦૦૭**

પળે પળે યાદ આવશે અમને,
સદાય તમારી ખોટ રહેશે અમને.
દેહથી ભલે દુર થયા તમે,
સદાય અમારા હ્રદયમાં વસો છો.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે

**હેમલકુમાર શાંતિલાલ મિસ્ત્રી**
**મો. ૯૬૮૭૦ ૭૫૪૩૮**

**સાધનાબેન હેમલકુમાર મિસ્ત્રી**
**મો. ૭૬૦૦૯ ૦૬૨૪૦**

બ્લૉક નં. ૩, રૂમ નં. ૩૫,
ગુજરાત હાઉસીંગ બૉર્ડ, હસ્તીતલાવ,
અંકલેશ્વર ૩૯૩ ૦૦૧



ભાગ્ય દેવાંગ ગાંધી

# હાર્દિક અભિનંદન

**ચિ. ભાગ્ય**

એ **UCMAS** માં ૮ લૅવલ પાસ કરી
ગ્રેજ્યુએશન મૅળવી સિધ્ધિ પ્રાપ્ત કરી છે.
અમારા તરફથી ખૂબ ખૂબ અભિનંદન સહ
જીવનમાં ઉત્તરૉત્તર પ્રગતિ કરૅ
ઍવી અમારી સૌની શુભાશિષ સહ
હાર્દિક શુભૅચ્છાઓ...

**શુભેચ્છક**

શ્રી કિરીટભાઇ વ્રજલાલ ગાંધી
શ્રીમતિ પૂર્ણિમાબૅન કિરીટભાઇ ગાંધી
શ્રી દેવાંગ કિરીટભાઇ ગાંધી
શ્રીમતિ ફૉરમ દેવાંગ ગાંધી

**નૂતન ગુહ**

રશ્મી હૅતલ ફૅશ-ર, ઈડૅન રૉઝ કૉમ્પલૅક્ષ, કનકીયારૉડ,
**PVR** સીનૅમૅક્ષ સામૅ, બૅવરલી પાર્ક મીરારૉડ(ઈસ્ટ)
જીલ્લૉ થાણૅ-૪૦૧ ૧૦૭ મૉ. ૮૮૭૯૩ ૯૧૮૮૮

# મહિલા સંગઠન



શ્રીમતિ ગીતાબેન જે ગાંધી
અધ્યક્ષા



શ્રીમતિ નયનાબેન એન. પંચોલી
કો-અધ્યક્ષા



શ્રીમતિ અમિષાબેન એ. પંચોલી
કો-અધ્યક્ષા

વ્હાલી બહેનો,

જાન્યુઆરીથી જુન ૨૦૨૨ના તમામ પ્રોજેક્ટ આપ સર્વે બહેનોએ ખૂબ જ ઉત્સાહ અને સફળતાપૂર્વક કર્યા છે. જૂન માસના પ્રોજેકટો પણ ઘણી બહેનોએ  એડવાન્સ માં પુરા કરી દીધા છે. ખરેખર તમામ એકમની બહેનોને ખૂબ ખૂબ ધન્યવાદ છે કે નાના મોટા એકમના બેનો સાથે મળીને પંચોલી સમાજ મહિલા સંગઠનને મજબુત કરી રહ્યા છે. સાચે જ સમાજની બહેનો ભેગા થઇ આનંદ સાથે વિવિધ સ્પર્ધા તથા તમામ ઉત્સવોની ઉજવણી કરવાનો અનેરો લ્હાવો લઇ રહ્યા છે. એ સાથે આનંદની લાગણી અનુભવી રહ્યા છે. અત્યારના ભાગદોડ તથા મોબાઇલ, ટી.વીના યુગમાં મહિનામાં એકવાર બધા સાથે મળી આપણા બાળપણ ને ફરી તાજુ કરવાનો અવસર મળે છે. માટે બહેનો આપને મારી ખાસ વિનંતી છે કે સક્રિય બેનો તો જોડાયા જ છે.. પણ હજી ઘણી બહેનો જોડાયા નથી તો આપ વોટસએપ ગ્રુપ દ્વારા દર માસના દરેક એકમોના પ્રોજેક્ટ, સ્પર્ધા જોતા જ હશો તો દરેક એકમના હોદ્દેદાર બહેનો આપ થોડો રસ લઇ આપના એકમોની બહેનોને પણ જાગૃત કરી પ્રોજેક્ટમાં જોડાઇ શકો છો. એ માટે કાંઇપણ મદદની જરૂરી હોય તો અમને જાણ કરશો તો ખૂબ આનંદ થશે.

તો આવો જુલાઇ થી ડિસેમ્બર માસની સ્પર્ધા અને પ્રોજેક્ટ માટે માહિતગાર થઇએ.. દરેક માસમાં એક સ્પર્ધા અને એક પ્રોજેક્ટ કરવાના રહેશે. વધારાના પ્રોજેક્ટ આપ આપની અનુકુળતા મુજબ કરી શકો છો.. આપણી સ્પર્ધાઓ અને પ્રોજેકટો

જુલાઇ (૧) અલુણા નિમિત્તે દીકરીઓને સુંદર શણગાર સજી ગોરમાની ટોપલી શણગારવી(સ્પર્ધા)
(૨) ગુરૂ પૂર્ણિમા(વ્યાસ પૂર્ણિમા) નિમિત્તે જીવનમાં ગુરૂનું મહત્વ, ગુરૂવંદના દ્વારા આપની ભાવવાણી રજુ કરવી.

ઓગસ્ટ (૧) શ્રાવણમાસ નિમિત્તે ભજન સ્પર્ધા
(૨) બધી બહેનો મળી જન્માષ્ટમી તથા ગણેશોત્સવની ઉજવણી

સપ્ટેમ્બર (૧) વિવિધ એકશન સાથે ગરબા તથા વેલ ડ્રેસ
(૨) શ્રાધ્ધ પર્વ નિમિત્તે પૂર્વજોના આત્માની શાંતિ અર્થે સમુહમાં શાંતિ પાઠ, પૂજાનું આયોજન

ઓકટોબર (૧) ગાંધીજયંતિ, સરદાર પટેલ જયંતિ નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા
(૨) દિપાવલી નિમિત્તે સુંદર રંગોળી, દિવા તથા લાઈટીંગ દ્વારા ઘરની સજાવટ ઓનલાઇન જોડાઇ ફોટા મોકલી શકો.

નવેમ્બર (૧) શિઘ્ર વર્તન અથવા એકપાત્રીય અભિનય સ્પર્ધા
(૨) તુલસી વિવાહ(દેવ દિવાળી)ની ઉજવણી

ડિસેમ્બર (૧) લીલવા(તુવેરના દાણા) ની વિવિધ વાનગી સ્પર્ધા
(૨) એક દિવસીય પ્રવાસ અથવા સમુહમાં રમતગમતનું આયોજન કરવું...

તો ચાલો વર્ષાઋતુના આગમન સાથે નવા ઉત્સાહ સાથે નવા પ્રોજેકટમાં જોડાવા કટીબધ્ધ થઇએ..

# વ્યસન મુકિત


સ્નેહા નંદકિશોર પંચોલી-સુરત
એડવોકેટ







આજનો સળગતો પ્રશ્ન છે વ્યસન....નાના મોટા અબાલવૃધ્ધ સૌ કોઇ આના બંધાણી છે. અને વ્યસનથી નુકશાન થાય છે એ બધા બરાબર જાણે છે છતાં વ્યસન મુકી શકતા નથી....






વ્યસન એટલે દારૂ, સિગરેટ, બીડી, પાનમાવો-ગુટકા અને ડ્રગ્સનું સેવન....આ વ્યસનો માણસને કોરી ખાય છે. શારીરિક અને માનસિક અને નાણાંકીય રીતે બરબાદ કરી દે છે. આથી વિનંતી કરું છું કે આવા વ્યસનોહોય તો ધીરે ધીરે ઓછા કરી મુકી દો અથવા દૂર કરી એક સુખી અને સમૃધ્ધ જીવન જીવો..







આપણે સૌ જાણીએ છીએ કે આવા વ્યસનો દ્વારા કેન્સર કે બીજા જીવલેણ રોગો થતાં હોય છે છતા પણ આવા વ્યસનો શા માટે કરવા ? શું આપણે આપણી આવનારી પેઢીને આવા વ્યસનો આપીશું ? કે જે સમાજનું અને દેશનું ભવિષ્ય છે.








કેટલાંક તો આ વ્યસનને ફેશન સમજે છે. જેના દ્વારા બરબાદ થવાય એ ફેશન કેટલી યોગ્ય ? આવા વ્યસનો દ્વારા આપણો સમાજ અને દેશ નબળો થતો રોકીએ..આવા વ્યસનોથી જોજનો દૂર રહીએ..



તો ચાલો આપણે કટીબધ્ધ થઇ આપણો સમાજ વ્યસનમુકત બનાવીએ અને દેશને સમૃધ્ધ બનાવીએ...

## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૨૫૧/- ગણદેવી નિવાસી ચિંતુકુમાર ભગુભાઇ મિસ્ત્રી તરફથી સુપુત્રી ચિ. પ્રિયાએ 'વુમન ઓફ ધ મેચ'નો એવોર્ડ મળ્યો તે નિમિત્તે.

રૂા. ૨૦૦/- યોગેશભાઇ હેમંતભાઇ ત્રિભોવનદાસ પંચોલી તરફથી ભાણેજ ચિ. હાર્દિક ના શુભલગ્ન પ્રસંગે મોસાળા નિમિત્તે.

રૂા. ૨૫૦/- સંખેડા નિવાસી અશ્વિનભાઇ મુળજીભાઇ પંચોલી તરફથી ચિ. ઉદિતની પ્રથમ મેરેજ એનીવર્સરી નિમિત્તે.

રૂા. ૨૫૦/- વડોદરા નિવાસી શ્રી શ્વેતશ્યામ નવિનભાઇ પંચોલીના સુપુત્ર ચિ. રૂદ્ર ધો. ૧૦માં ૮૫.૧૮ પર્સનટાઇલથી ઉત્તિર્ણ થયા તે નિમિતે..

રૂા. ૨૦૦/- મુંબઇ-મીરારોડ નિવાસી શ્રીમતિ ફોરમ અને શ્રી દેવાંગ કિરીટભાઇ ગાંધી તરફથી નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે

# દિપોત્સવીઅંક-૨૦૨૨ અંક

| | | | | |
|---|---|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ₹ ૩,૦૦૦/- | ☐ મલ્ટીકલર | ₹ ૭,૦૦૦/- |
| ☐ | કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૨,૦૦૦/- | ☐ બીજુ કવરપેજ | ₹ ૯,૦૦૦/- |
| ☐ | સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- | ☐ ત્રીજુ કવરપેજ | ₹ ૮,૦૦૦/- |
| ☐ | અડધુ પેજ (એક ફોટા સાથે-૮૦૦/-) | ₹ ૭૫૦/- | ☐ ચોથુ કવરપેજ | ₹ ૧૦,૦૦૦/- |
| ☐ | પા પેજ (ફોટા સાથે-૪૫૦) | ₹ ૪૦૦/- | | |

**(પા પેજ, અડધા કે આખા પેજ માં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)**
**કલર પેજ અને મલ્ટીકલર પેજ બે જ્ઞાતિજનો ભેગા મળી આખા પેજનું સેટીંગ કરી આપી શકશે.**

આ સાથે ઉપર ☑ કરેલ જાહેરાતના રૂા....................રોકડા (શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બળદ પંચોલી નવયુગ ના નામે બેંક ઓફ બરોડા-અંકલેશ્વર ના સેવિંગ્સ ખાતા નં **02210100057495, IFSC : BARB0ANKLES** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો.) (IFSC CODE માં પાંચમો ડીજીટ ઝીરો છે..)

શુભેચ્છા સંદેશ : ..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..........................................................................................

(૨)........................................................ (૩) ........................................................
(૪)........................................................ (૫) ........................................................
(૬)........................................................ (૭) ........................................................
(૮)........................................................ (૯) ........................................................

સરનામુ : ..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................

પીન ...................................... ફોન : (ઘર)................................(ઓ)................................

મોબાઈલ ..........................................................................................................

**પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.**

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૨ પહેલા મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

**વધારાની મેટર પાછળ લખી મોકલશો.....**

# હાર્દિક શ્રધ્ધાંજલી




**કૈવલધામવાસી ચંપકલાલ દામોદરદાસ ગાંધી**
**શિનોર**
**જન્મ : તા. ૦૩/૦૮/૧૯૩૦ સ્વ. તા. ૦૫/૦૭/૨૦૨૨**

રડી પડે છે આંખો અમારી,
દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી,
આવ્યુ તેડુ અને વિદાય લીધી અમ વચ્ચેથી માત્ર
યાદગીરીના પુષ્પો અને વહેતા આંસુઓનો અભિષેક
અર્પણ કરીએ છીએ.. પ્રભુ તમારા દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના.....

**અર્પણકર્તા**

ભરતકુમાર ચંપકલાલ પંચોલી
આનંદીબેન ભરતકુમાર પંચોલી-૯૯૦૯૧૬૧૮૧૯
નિરવકુમાર એન. પંચોલી - નિધિ એન. પંચોલી
દીઆ-પ્રાંજલ-પ્રાન્સી
ગૌરવકુમાર બી. પંચોલી પલક જી. પંચોલી
વ્યારા
અનિલકુમાર બાલુભાઇ પંચોલી
અલકાબેન અનિલકુમાર પંચોલી-૮૧૪૦૦૮૬૦૮૧
નિશાંતકુમાર એસ. પટેલ
સિધ્ધિ એન. પટેલ
સુરત

## હેપી બર્થડે....



ચિ. ઈવા ચિંતનકુમાર
પંચોલી-કેનેડા(વડોદરા)
પ્રથમ વર્ષગાંઠ
તા. ૦૧.૦૭.૨૦૨૧

## નવયુગ ભેટ

રૂા. ૧૫૦/- વડોદરા નિવાસી શ્રીમતિ હર્ષાબેન-દાદી અને શ્રી જયરાજભાઇ એ. પંચોલી-દાદા તરફથી પૌત્રી ઈવાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે નવયુગને સપ્રેમ ભેટ




## નવમી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલી



**સ્વ. નંદકિશોર ચીમનલાલ પંચોલી**
જન્મ : ૨૫.૦૧.૧૯૫૭ સ્વર્ગવાસ : તા. ૨૩.૦૭.૨013

જીવન શાશ્વત છે.. પ્રેમ અમર છે...
મૃત્યુ ફકત સીમા છે...

**અર્પણકર્તા**

ગં.સ્વ. હંસાબેન નંદકિશોરભાઈ પંચોલી
ચિ. સ્નેહા નંદકિશોરભાઈ પંચોલી
શ્રીમતિ ચૈતાલી રવિકુમાર જાદવ તથા ફેમીલી
૩૯, સંધ્યાવંદન સોસાયટી, પાલનપુર જકાતનાકા, સુરત
મો. : ૯૩૭૫૧ ૦૧૮૩૬/૯૫૧૦૮૮૯૮૫૨

# અભિનંદન......




સુરત નિવાસી ડો. નરેશભાઇ સી. પંચોલીની સુપુત્રી કુ. **હયુષા નરેશભાઈ પંચોલીની** પસંદગી અત્યંત પ્રતિષ્ઠિત એવી Erasmus Mundus Fellowship માટે થઇ છે. આ કાર્યક્રમ હેઠળ તેણી બે વર્ષ માટે M.Sc. Plant Breeding નો અભ્યાસ ૧ વર્ષ માટે હંગેરી અને ૧ વર્ષ માટે ઓસ્ટ્રીયા માં કરશે. આ સમગ્ર સમય માટેનો ખર્ચ યુરોપિયન યુનિયન ઉઠાવશે. પુરા વિશ્વમાંથી ૨૩ ઉમેદવારો આ માટે પસંદ થયા તેમાં હયુષા પણ છે. તેણીએ B.Sc. માં Horticulture વિષયમાં પણ ૨ સુવર્ણ ચંદ્રક મેળવ્યા હતા.

ચિ. હયુષા ઉચ્ચ અભ્યાસ માટે પરદેશ રવાના થાય છે... આ અવસરે સમગ્ર સ્વ. છીતાભાઇ દામોદરદાસ પંચોલી પરિવાર અને સ્વ. રમેશચંદ્ર રમણલાલ પંચોલી પરિવાર ચિં હયુષાને અંતરથી શુભેચ્છાઓ પાઠવે છે કે તેણી કુટુંબ, સમગ્ર પંચોલી સમાજ અને ભારત દેશનું નામ રોશન કરે એવી પ્રભુ પ્રાર્થના...

ચિ. હયુષાના પરદેશગમન પ્રસંગે શ્રી નરેશભાઇ સી. પંચોલી તરફથી મહામંડળને નીચેના હેતુ માટે કુલ ૫૧,૦૦૦નું દાન મળ્યું છે..

**રૂા. ૫,૦૦૦ પંચોલી નવયુગ, રૂા. ૨૩,૦૦૦ સમાજપિતા સ્વ. છગનલાલ ત્રીભોવનદાસ મિસ્ત્રી સ્મારકનિધિ શૈક્ષણિક સહાય માટે તથા રૂા. ૨૩,૦૦૦ તબીબી સેવા સંકુલ (મેડીકલ સહાય) માટે આપ્યા છે.**


## શુભેચ્છક

| | |
|---|---|
| ઉર્વશીબેન રમેશચંદ્ર પંચોલી | ઈન્દુબેન ઈન્દ્રવદન પંચોલી |
| શારદાબેન ચંદ્રવદન પંચોલી | ચંદ્રકાંત છીતાભાઇ પંચોલી |
| જયકિશન છીતાભાઇ પંચોલી | હરિહર છીતાભાઇ પંચોલી |
| નરેશ છીતાભાઇ પંચોલી | મિનાક્ષી નરેશ પંચોલી |
| ઊર્વ નરેશ પંચોલી | અગ્નિએષ્કા ઊર્વ પંચોલી |

Naresh Pancholi (Ph.D., Agril. Botany, England)
D 205 Prajeet Apartment, Behind Nehrunagar, Umra
SURAT 395 007, Gujarat, INDIA
**Mo. : 98251 37125**

# શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ નવસારી

# શ્રદ્ધાંજલી



**સ્વ. રજનીકાંતભાઈ છગનલાલ પંચોલી**
**સ્વ. તા. ૨૨.૦૭.૨૦૨૨**

શ્રી રજનીકાંતભાઈની વિદાયથી અમો સૌ તમારા જેટલું જ દુઃખ અનુભવીએ છીએ...પરંતુ મૃત્યુ એ જીવનનું પૂર્ણવિરામ નથી પણ આત્માની ઉર્ધ્વગતિ માટેનું અલ્પવિરામ છે...મૃત્યુ એ જીવનની અનિવાર્ય ઘટના છે જેનો આપણે સ્વીકાર કરવો પડે તેમ છે.તેજોમય આત્માને ચિરઃશાંતિ મળે એવી અંતઃકરણથી પ્રાર્થના....

| | |
|---|---|
| શ્રી જતિન વિક્રમભાઈ મહેતા | પ્રમુખ |
| શ્રી દિપેશ ગિરીશભાઈ પંચોલી | ઉપ પ્રમુખ |
| શ્રીમતિ ઉર્વીબેન નિકુંજભાઈ મિસ્ત્રી | મંત્રીશ્રી |
| શ્રીમતિ હિરલબેન શીતલકુમાર પંચોલી | સહમંત્રી |
| શ્રી સમીરભાઈ જયંતિભાઈ પંચોલી | ખજાનચી |

તથા શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચના કારોબારી સભ્યો તથા પંચ પરિવારના દરેક સભ્યો...

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર



તા. ૨૭.૦૫.૨૦૨૨ના રોજ મહિલા મંડળની મિટિંગ શીલાબેન નિતિનભાઈ પંચોલીના નિવાસ સ્થાને રાખવામાં આવી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી.

પ્રોજેક્ટ અનુસાર મોબાઈલ બાળકો માટે કેટલો ઘાતક છે તેના માટે બહેનોએ પોતાના મંતવ્યો રજુ કર્યા. ઓનલાઈન ઠંડા ઠંડા કુલ કુલ શરબત ના ફોટોગ્રાફસ વિવિધ શરબતો શણગારીને ઓનલાઈન સર્વ કર્યા.

એપ્રિલ માસમાં ટુકા પ્રવાસ નિમિત્તે અંકલેશ્વર મુકામે આવેલ એક બાગમાં જઈને બહેનોએ મઝા માણી. ઉભી ખો અને ક્રિકેટ પણ રમ્યા. અંતમાં અલ્પાહારને શરબતને ન્યાય આપી છુટા પડ્યા.

રૂા. ૧૦૧/- જાગૃતિબેન ગોપાલભાઈ પંચોલી તરફથી બર્થડે અને એનીવર્સરી નિમિત્તે મળ્યા.


રૂા. ૧૦૦/- નીતાબેન રાજેશભાઈ પંચોલી તરફથી સુપુત્રી દીપાના લગ્નપ્રસંગ નિમિત્તે.

રૂા. ૫૦/- દક્ષાબેન દિનેશભાઈ મિસ્ત્રી-એનિવર્સરી

રૂા. ૫૦/- ભાવનાબેન મલયકુમાર મિસ્ત્રી

રૂા. ૧૦૦/- શીલાબેન નિતિનભાઈ પંચોલી-ગૃહપ્રવેશ

રૂા. ૧૦૦/- મીરાબેન મહેશભાઈ મિસ્ત્રી-એનીવર્સરી



# સંસ્થા સમાચાર

## શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ

શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ અને શ્રી ઉત્તમરામ ભાણાભાઈ મિસ્ત્રી વિલ ટ્રસ્ટની સામાન્ય સભા અને વર્ષ ૨૦૨૧-૨૨માં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થી બાળકોને નોટબુક, પેન્સીલ, બોલપેન, રોકડ સહાયનું વિતરણ તા. ૧૨.૦૬.૨૦૨૨ને રવિવારના રોજ સમાજના હોલમાં રાખવામાં આવ્યો હતો.

મંત્રીશ્રી ઉર્વીબેને સામાન્ય સભામાં હાજર રહેલ દરેક જ્ઞાતિજનોનું સ્વાગત કર્યુ અને સભાની શરૂઆત પ્રાર્થનાથી કરી. ગત વર્ષે દિવંગત થયેલ જ્ઞાતિજનોને સમાજના સભ્યોએ શ્રધ્ધાંજલી અર્પણ કરી. ઉપ-પ્રમુખ શ્રી દિપેશભાઈએ આવકાર પ્રવચન કર્યુ. પ્રમુખશ્રી જતીનભાઈએ સામાન્ય સભાને સંબોધતા દરેક વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટેની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. એકમ દ્વારા કરવામાં આવતી સહાયની વિગતવાર જાણ કરી. નવસારી એકમના બંધારણ અને નિયમો બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી. લગ્ન પ્રસંગે આપવામાં આવતુ ડાફુ(લાગત) વિશે ચર્ચા કરવામાં આવી જેમાં લગ્ન પ્રસંગના ડાફુ(લાગત)ના રૂા. ૫૦૦/- હતુ તે હવેથી રૂા. ૧,૦૦૦/- અને નવવધુની દાખલ ફી રૂા. ૧૦૦/- હતી તેને રૂા. ૫૦૦/- કરવાની રજુઆત કરતા સર્વ સંમતિને મંજુરી આપી. આ લગ્નનું ડાફુ અને દાખલ ફી લગ્નની તારીખ થી ૧૫ દિવસમાં ખજાનચીને જમા કરાવવાની રહેશે. અને ત્યારબાદ અન્ય નિયમ કે નવસારી એકમના સભ્યની દિકરી જો અન્ય જ્ઞાતિમાં લગ્ન કરે તો તેને એકમના આયોજન કે કાર્યક્રમમાં પ્રવેશ ન આપવો. જો અન્ય જ્ઞાતિમાં પરણેલ દીકરીના ફકત માતા-પિતા સમાજના કાર્યક્રમ જેવા કે ગાયત્રી યજ્ઞમાં મુખ્ય યજમાન હોય તો તેવા સંજોગોમાં તે પરણેલ દિકરી અને જમાઇ જ ફકત જે તે સમય એકમે નકકી કરેલ ગેસ્ટ ફી ભરી હિન્દુ સંસ્કૃતિના પહેરવેશ પહેરીને જ સમાજના કાર્યક્રમમાં પ્રવેશ મેળવી શકશે પણ સમાજના અન્ય એજન્ડામાં પોતાના અભિપ્રાય કે મત આપી શકશે નહીં. એવું સામાન્ય સભામાં ચર્ચા કરી સર્વ સંમતિથી નકકી કરવામાં આવ્યું હતું.

પ્રમુખશ્રી જતીનભાઇ એ મંત્રીશ્રી ઉર્વીબેન અને નિકુંજભાઇ મિસ્ત્રીએ સમાજના વિદ્યાર્થી બાળકો માટે રૂા. ૮૦,૦૦૦/- શૈક્ષણિક સહાય માટે ભંડોળ એકત્રિત કર્યુ હતું. તે માટે મંત્રીશ્રીને પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવ્યા.

છેલ્લા કેટલાક વર્ષોથી એકમને નોટબુક અને અન્ય સામાન રાહત દરે આપવા બદલ મેઘના સ્ટોરના શ્રીમતિ છાયાબેન અને તૃષાર જગદિશભાઇ મિસ્ત્રીને પુષ્પગુચ્છ આપી પ્રમુખશ્રીએ આભાર વ્યકત કર્યો.

વર્ષ ૨૦૨૧-૨૨માં ઉર્તિણ થયેલ વિદ્યાર્થી બાળકોને નોટબુક, પેન્સિલ, પેન અને રોકડ રકમનું વિતરણ કરવામાં આવ્યું. અંતે મન્ચુરીયન, ફ્રાઇડરાઇસ અને કોલ્ડ્રીંકસને ન્યાય આપી છુટા થયા.

દાનની વિગત

શૈક્ષણિક દાન

૧૦,૦૦૦ શ્રી રજનીકાંતભાઇ તથા અ.સૌ. કલ્પનાબેન-બોલ્ટન-યુ.કે.

૧૧,૦૦૦ શ્રી અરવિંદભાઇ તથા અ.સૌ. ઉષાબેન મિસ્ત્રી લેસ્ટર-યુ.કે.

૧૧,૦૦૦ તૃપ્તિબેન અમિતકુમાર પંચોલી-લેસ્ટર

૧૧,૦૦૦ શ્રી કથનભાઇ એમ. સેવાલીયા-કેનેડા

૫,૦૦૦ ગુપ્તદાન

૫,૦૦૦ ગં.સ્વ. વીણાબેન ભોગીલાલ મિસ્ત્રી-નવસારી

૧,૧૧૧ શ્રીમતિ નયનાબેન વિક્રમભાઇ મહેતા-નવસારી (હાલ અમેરીકા)

## શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વર

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરનો વાર્ષિક કાર્યક્રમ અને નોટબુક વિતરણ નો કાર્યક્રમ તા. ૧૨.૦૬.૨૦૨૨ને રવિવારના રોજ શ્રવણ વિદ્યાભવન, અંકલેશ્વર ખાતે સવારે ૧૦ કલાકે યોજવામાં આવ્યો. સમાજના સૌ સભ્યો સહકુટુંબ સમયસર મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

પ્રથમ અંકલેશ્વર એકમના પ્રમુખ શ્રી અખિલભાઇ નિલેશભાઇ મહેતા, મંત્રીશ્રી નિમેશભાઇ છગનલાલ મિસ્ત્રી, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ બિનીતાબેન હેમેન્દ્રભાઇ પંચોલી તથા મંત્રી કેતકીબેન જેસલભાઇ મિસ્ત્રી અને સ્વયં અંકલેશ્વરના પ્રમુખ ધર્મેશભાઇ અને આ વર્ષના નોટબુક દાતા શ્રી ચંદુલાલ હરગોવિંદદાસ પંચોલી તથા દાતાશ્રી દિલીપભાઇ જે. પંચોલીને ડાયસ પર સ્થાન ગ્રહણ કરવા કાર્યક્રમ સંચાલક શ્રીમતિ અમિષાબેનને વિનંતી કરી. કાર્યક્રમની શરૂઆત અમિષાબેન અજયભાઇ પંચોલી, અમિતાબેન પ્રશાંત ભાઇ પંચોલી અને ભાવનાબેન મલયભાઇ મિસ્ત્રીની પ્રાર્થનાથી કરવામાં આવી.

અંકલેશ્વર એકમના ગં.સ્વ. સુમિત્રાબેન પંચોલીના આત્માની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાડી શ્રધ્ધાંજલી આપવામાં આવી

પ્રમુખશ્રી અખિલભાઇ મહેતાએ સ્વાગત પ્રવચન કર્યું. અને વર્ષ ૨૦૨૦-૨૧માં ઉતિર્ણ થયેલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા અને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ માટેના અભિનંદન પાઠવ્યા. સહુ જ્ઞાતિજનોને જણાવ્યું કે હવેથી સભ્ય ફી, દાન અથવા કોઇપણ નાણાની લેવડદેવડ ઓનલાઇન કરવા. ઓનલાઇન પેમેન્ટ કરવા જેમને ફાવતુ ના હોય તેમને જી.આઇ.ડી.સી. ખાતે અખિલ મહેતા, અંદાડા, ગડખોલ પાટીયા અને રામનગરમાં નિમેશભાઇ મિસ્ત્રી અને અંકલેશ્વર ટાઉન તથા ચૌટાબજારમાં કુણાલ પંચોલીની નિમણુંક કરવામાં આવી. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો જેમાં ધ્યાન વિસ્મય મિસ્ત્રી-એક પાત્રીય અભિનય, રીવાંશી મૌલિક મિસ્ત્રી-એક પાત્રીય અભિનય, જીત પ્રજેશ પંચોલી-ડાન્સ, જાનવી અને ભાવના મલય મિસ્ત્રી-સરપ્રાઇઝ ડાન્સ, વૈષ્ણવી દિપેશ મિસ્ત્રી -ડાન્સ, માનવ અખિલ મહેતા-સ્કેટીંગ કરી સૌને મનોરંજન પુરુ પાડ્યું. મનોરંજન કાર્યક્રમમાં ભાગ લેનાર દરેકને એકમ તરફથી સ્મૃતિભેટ આપવામાં આવી.

વર્ષ ૨૦૨૧-૨૨માં ઉતિર્ણ થનાર વિદ્યાથીઓને નોટબુક અને ડાયરાનું વિતરણ મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું તથા ભરૂચ નિવાસી દિલીપભાઇ જે. પંચોલી તરફથી સૌને ફાઇલનું વિતરણ કરવામાં આવ્યું.

ખુશ્બુ મિસ્ત્રી તથા નિપા મિસ્ત્રીએ સ્વયં અંકલેશ્વરના સભ્યોને મનોરંજક ગેઇમ રમાડી. તથા ડૉ. મહેશભાઇ મિસ્ત્રીએ પ્રમુખસ્વામી શતાબ્દિ મહોત્સવ પ્રસંગે પારિવારીક શાંતિ અભિયાનની માહિતી આપી તથા ડીસેમ્બર-જાન્યુવારીમાં અમદાવાદ ખાતે યોજાનાર પ્રમુખસ્વામી શતાબ્દિ હોત્સની વિસ્તૃત માહિતી આપી.

અંતમાં મંત્રીશ્રી નિમેષભાઇએ આભાર દર્શન કર્યુ. અને અંતમાં રાષ્ટ્રગીતને ન્યાય આપી કાર્યક્રમનું સમાપન કર્યુ. અંતમાં સૌ જ્ઞાતિજનોએ સામુહિક ભોજન કરી સૌ છુટા પડયા.

નોટબુક દાતા શ્રી ચંદુભાઇ એચ. પંચોલી તરફથી રૂા. ૬,૦૦૦/- અને રૂા. ૭,૫૦૦/- ચાર વર્ષ માટે નોટ વિતરણ માટે આપનાર શ્રી દિલીપભાઇ જે. પંચોલીનું પુષ્પગુચ્છ આપી સન્માનિત કર્યા.

દાનની વિગત

રૂા. ૬૦૦૧ શ્રી ચંદુભાઇ હરગોવિંદદાસ પંચોલી તરફથી નોટબુક વિતરણ માટે

રૂા. ૭૫૦૦ શ્રી દિલીપભાઇ જગદીશભાઇ પંચોલી-ભરૂચ તરફથી ચાર વર્ષ માટે નોટબુક વિતરણ માટે.

૫૦૧ શ્રી દિલીપભાઇ જે. પંચોલી-ભરૂચ

૨૦૦ શ્રી નિલેશભાઇ સોમાભાઇ મહેતા

૧૦૦ શ્રી અખિલ નિલેશભાઇ મહેતા

૨૫૧ શ્રી કનુભાઇ નરોત્તમદાસ પંચોલી તરફથી સુપુત્ર ચિ. ધર્મેશના લગ્ન પ્રસંગ નિમિત્તે.

૨૦૧ શ્રી પરેશભાઇ મગનભાઇ પંચોલી - સુપુત્ર હર્ષિલના લગ્ન નિમિત્તે

૨૦૧ શ્રીમતિ ખુશ્બુ વિસ્મય મિસ્ત્રી
૧૦૦ શ્રી પરેશભાઇ અમ્રતભાઇ મિસ્ત્રી-તસ્મય ધો. ૧૦માં ઉત્તિર્ણ થયો તે નિમિત્તે.
૧૫૧ કૃણાલ રમણભાઇ પંચોલી-વિવાનની બર્થડે નિમિત્ત

## સ્વર યુથ
## પ્રગતિ મહિલા મંડળ - વ્યારા




શ્રી વ્યારા પંચોલી સમાજ તેમજ મહામંડળ પ્રમુખ શ્રી હિતેશભાઇ ગાંધી ની પ્રેરણા થી પંચોલી યુવા સંગઠન 'સ્વર યુથ' તેમજ પ્રગતિ મહિલા મંડળ ના સંયુક્ત ઉપક્રમે તા.12 જૂન 2022- રવિવાર ના રોજ એક રક્તદાન શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માલીબા રક્તદાન કેન્દ્ર ની ટીમ દ્વારા સમગ્ર રક્તદાન શિબિર સફળતા પૂર્વક પાર પાડવામાં આવી. વ્યારા પંચોલી સમાજ ના યુવાનો એ ખૂબ જ ઉત્સાહ પૂર્વક રક્તદાન કરી આ શિબિર ને સાચા અર્થ માં સાર્થક કરી.

વ્યારા પંચોલી યુવા સંગઠન 'સ્વર યુથ' દ્વારા સમગ્ર વ્યારા પંચોલી સમાજ માટે વિશ્વ યોગ દિવસ નિમિતે તા. 19 જૂન, રવિવાર ના રોજ સવારે 6:30 કલાકે વ્યારા રિવર ફ્રન્ટ ખાતે કુદરત ના સાનિધ્ય માં યોગ શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યોગ ગુરુ શ્રી રાકેશભાઇ ગાંધી, શ્રીમતી રીટાબેન ગાંધી, શ્રી રાજેશભાઇ પંચોલી તેમજ શ્રીમતી ભાવનાબેન પંચોલી દ્વારા યોગ નું જ્ઞાન આપવામાં આવ્યું. અત્યંત તાજગી સભર એવા આ યોગ શિબિર બાદ સ્વર યુથ ના હોદ્દેદારો દ્વારા યોગ ગુરૂઓ નું પુષ્પગુચ્છ આપીને સન્માન કરવામાં આવ્યું. યોગ શિબિર ના અંતે સૌ ઉકાળા ને ન્યાય આપીને છૂટા પડ્યા.

## પંચોલી સમાજ-વડોદરા

વડોદરા નિવાસી શ્રીમતિ જ્યોતિબેન તથા શ્રી કમલેશભાઇ એમ. પંચોલી તરફથી એમના સુપુત્ર ચિ. ગૌરવના વેવીશાળ થયા તે ખુશાલીમાં રૂા. ૨૫૦ પંચોલી જ્ઞાતિ સમાજ વડોદરાને ભેટ મળ્યા...

દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર

## પંચોલી સમાજ-સંખેડા

શ્રી પંચોલી સમાજ સંખેડાને નીચે મુજબ દન મળ્યું છે.

રૂા. ૨૧૧૧ શ્રી અશ્વિનભાઇ મુળજીભાઇ પંચોલીના સુપુત્ર ચિ. ઉદિતના શુભ લગ્ન પ્રસંગે.

રૂા. ૨૧૧૧ શ્રી અશોકભાઇ જેઠાલાલ પંચોલીના સુપુત્ર ચિ. હાર્દિકના લગ્ન નિમિત્તે.

રૂા. ૨૫૧ શ્રી ભોગીલાલ એમ. પંચોલી

દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.

# અનુકરણીય

પંચોલી ગણદેવી એકદમ તરફથી રૂ: 20,000.00 એકમના પ્રમુખશ્રી ચિંતન ભાઈ મિસ્ત્રી પોતાના ઘરે આમંત્રિત કરી નીચે મુજબ દાન આપેલ છે

રૂા.15000.00 મહમડળ વિધવા સહાય ખાતે
રૂા. 5000.00 વેબસાઇટ ને ભેટ આપ્યા છે.,

12500 ગણદેવી એકમ
1500. ચિંતુ બી.મિસ્ત્રી
1500. હેમંત કુમાર મિસ્ત્રી
1500. નિલેશ ભાઇ પંચોલી
1500. કલ્પેશભાઇ મિસ્ત્રી
500. જીતુ ભાઇ મિસ્ત્રી
500. જયેન્દ્ર ભાઇ મિસ્ત્રી
500. હિતેશભાઇ પંચોલી

ગણદેવી એકમ અને તમામ દાતા ઓ નો આભાર

### અમો આભારી છીએ...

હિતેશભાઇ પી. ગાંધી-પ્રમુખ
જયેશભાઇ સી. પંચોલી-મહામંત્રી
પ્રતિકકુમાર પી. પંચોલી-અધ્યક્ષ-વેબ સાઇટ
સ્વપ્નીલકુમાર ડી. પંચોલી કો-ઓર્ડીનેટર-વેબ સાઇટ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# મહિલા સમાચાર

## પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

પંચોલી ભગીની સમાજ, રાજપીપલાની એક મિટિંગ તા. ૧૦.૦૫.૨૦૨૨ના રોજ સ્નેહાબેન પંચોલી, જલારામ નગર ખાતે રાખવામાં આવી. પ્રથમ ગુરૂવંદના અને ગણેશવંદના થી મિટિંગની શરૂઆત કરવામાં આવી. સ્નેહાબેને સૌનું કેરીના બાફલાથી સ્વાગત કર્યુ.

વિવિધ પ્રોજેક્ટ અંગે ચર્ચા વિચારણા કરી. ૮ મે મધર્સ ડેની ઉજવણી કરી, દીકરી તથા વહુ દ્વારા હાજર રહેલ માતાનું ગુલદસ્તાથી સ્વાગત કરવામાં આવ્યું તથા સર્વે બહેનોએ મધર્સ ડે વિશે સંબોધન કર્યુ.

'મોબાઇલ બાળકો માટે ઘાતક કે ઉપયોગી છે' એ વિષય પર દરેક બહેનોએ સંબોધન કર્યુ. મહિલા સંગઠન તરફથી આપવામાં આવેલ શરબતનો પ્રોજેક્ટ વિશે કોમ્પીટીશન રાખવામાં આવી. હતી સર્વે બહેનોએ લાઇવ ડેમો સહિત રેસીપી રજુ કરી. આગામી મિટિંગ તા. ૧.૦૬.૨૦૨૨ના રોજ દક્ષાબેન એસ. પંચોલીને ત્યાં રાખવાનું નકકી કર્યુ.

સર્વે બહેનો કોમેડી કહેવતલાલ ગુજરાતી મુવી જોવા ગયા અને ત્યારબાદ ભોજન લઇ છુટા પડયા.
આજરોજ નીચે મુજબનું દાન મળ્યું

૧૦૦ પૂર્ણિમાબેન મપારા-મૅરેજ ઍનીવર્સરી
૧૦૦ જયશ્રીબેન પંચોલી-મૅરેજ ઍનીવર્સરી
૧૦૦ હિરલબેન પંચોલી-મૅરેજ ઍનીવર્સરી
૧૦૦ રેખાબેન પંચોલી-બર્થડે
૧૦૦ સ્નેહાબેન પંચોલી-બર્થડે
૧૦૦ પદમાબેન પંચોલી-બર્થડે

## પંચોલી મહિલા મંડળ-સુરત

પંચોલી મહિલા મંડળની માર્ચ-એપ્રિલની સંયુકત મિટિંગ તા. ૧૬.૦૪.૨૦૨૨ના રોજ અર્ચનાબેન પંચોલીના નિવાસ સ્થાને સાંજે ચાર કલાકે રાખવામાં આવી. પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. મહિલા સંગઠનના આપેલ પ્રોજેક્ટ મુજબ લગ્નગીત સાથે



પ્રસંગ મુજબ રીટા જરીવાલા-દુલ્હો અને કિરણ ઝવેરી દુલ્હન બન્યા હતા. લગ્નની બધી જ વિધિ લગ્નગીત સાથે માણી

હનુમાન જયંતિ હોવાથી સમૂહમાં હનુમાન ચાલીસાનો પાઠ કર્યો. આગામી મિટિંગ તા. ૩.૬.૨૦૦૨૨ના રોજ કોપર સ્ટોન અવધ ઉથોપીયા ખાતે વાસંતીબેન મારફતીયાના ઘરે રાખવામાં આવી. અંતમાં અલ્પાહાર અને થમ્સઅપને ન્યાય આપી છુટા પડયા.

આજનું મળેલ દાન

૧૫૧ મયુરીબેન રવિન્દ્રભાઇ મિસ્ત્રી તરફથી ચિ. અંકુરના નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે.
૧૦૧ ઉર્વશીબેન યોગેશભાઇ મિસ્ત્રી-પૌત્રી હસ્તીની બર્થડે નિમિત્તે.
૧૦૧ કિરણબેન એમ. ઝવેરી -દુલ્હન મંડળના પ્રસંગ
૧૦૦ વાસંતીબેન ગજ્જર
૧૦૦ અરૂણાબેન ગજ્જર
૧૦૦ દિપ્તી વી. પંચોલી-એનીવર્સરી નિમિત્તે.
૧૦૦ મનીષા પંચોલી આજના લગ્ન પ્રસંગ નિમિત્તે.

પંચોલી મહિલા મંડળની જુન માસની મિટિંગ તા. ૩.૦૬.૨૦૨૨ના રોજ વનડે પીકનિક અવધ ઉથોપીયા કોપર સ્ટોન, ડુમસ ખાતે વાસંતીબેન મારફતીયાને ત્યાં રાખવામાં આવી. વાસંતીબેન તરફથી સવારે સૌને સેવ-ખમણ અને ચ્હાનો અલ્પાહાર કરાવ્યો. અનિલભાઇ મારફતીયાની પૂણ્યતિથિ નિમિત્તે બે મિનિટ મૌન પાડી શ્રધ્ધાંજલી આપવામાં આવી. ત્યારબાદ હાઉસી રમ્યા. બધી બહેનોએ શરબત, અથાણા તથા છુંદાની રેસીપી રજુ કરી. સ્વીટ અને

ફરસાણ સાથે ફુલ ડીશ જમ્યા. આરામ કરી. બધાએ ફોટો સેશન કર્યુ. ડિસ્કોથેકમાં સૌએ મનભરી મસ્તી સહિત ડાન્સ કર્યા. ગેમ ઝોનમાં ગેમ રમ્યા. અંતાક્ષરી પણ રમ્યાં, આગામી મિટિંગ ગીતાબેન મારફતીયાને ત્યાં જુલાઇના એન્ડમાં રાખવાનું નકકી કરી છુટા પડયા. સાંજે ૭ કલાકે આજની યાદગાર પીકનીકની મઝા માણી છુટા પડયા.

આજરોજ નીચે મુજબનું દાન મળ્યું.

| | |
|---|---|
| ૨૫૫ | કિરણબેન ડી ઝવેરી-પુત્રી ધારાનને ત્યાં પુત્રજન્મ નિમિત્તે. |
| ૫૫૧ | ગીતાબેન મારફતીયા-મેરેજ એનીવર્સરી |
| ૧૦૧ | મોનલબેન પંચોલી-પુત્રી મીરા પાસ થઇ |
| ૨૫૧ | છાયાબેન કૌશિકભાઇ પંચોલી |
| ૨૦૧ | ત્રીવેણીબેન આઇ. પંચોલી-ઇન્દ્રવદભાઇની પૂણ્યતિથિ નિમિત્તે. |
| ૫૧૦ | દક્ષાબેન અક્ષયભાઇ આરીવાલા પુત્ર રીશીને જક્ષ વીઝા નિમિત્તે |
| ૧૧૧ | મયુરી આર. મિસ્ત્રી-બર્થડે નિમિત્તે |
| ૨૫૧ | વાસંતીબેન અનિલભાઇ મારફતીયા તરફથી અનિલભાઇની પ્રણ્યતિથિ નિમિત્તે |
| ૨૦૧ | દિપ્તી વિરેન પંચોલી |

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

પ્રગતિ મહિલા મંડળ વ્યારાની સામાન્ય સભા તા. ૧૯.૦૬.૨૦૨૨ના રોજ પંચોલી વાડીમાં રાખવામાં આવી હતી. જેમાં અમારા આમંત્રણને માન આપી સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રીઓ, મહામંડળના હોદ્દેદારો, સ્વર યુથના હોદ્દેદારો અને બાળકોને મંત્રી સોનલબેને આવકાર આપ્યો.

મંત્રીશ્રી સોનલબેને આજના સમારંભના પ્રમુખ શ્રીમતિ રીટાબેન રાકેશભાઇ ગાંધી અને અતિથિ વિશેષશ્રી સીમાબેન એસ. પંચોલીને ડાયસ પર સ્થાન ગ્રહણ કરવા આમંત્રિત કર્યા. અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ.

સહમંત્રી ભૂમિકાબેનની પ્રાર્થના બાદ દિવંગત આત્માઓને શ્રધ્ધાંજલી આપવામાં આવી. મે-જુન માસમાં આવતી બર્થડે-એનીવર્સરી વિશ કરવામાં આવી.

આમંત્રિત મહેમાનોને બોલપેન આપી તેઓનું સ્વાગત કરવામાં આવ્યું. સમારંભના પ્રમુખ શ્રીમતિ રીટાબેન ગાંધીનો પરિચય હેતલબેને તથા અતિથિવિશેષ શ્રીમતિ સીમાબેન પંચોલીનો પરિચય પ્રિયંકાબેને આપ્યો.

સમાજના પ્રમુઅ શ્રી રાજુભાઇ પંચોલીએ મહિલા મંડળના કાર્યોની સરાહના કરી તથા મહામંડળના મહિલા સંગઠનના અધ્યક્ષા શ્રીમતિ ગીતાબેન ગાંધીએ મહિલા મંડળને શુભેચ્છા આપતા જણાવ્યું કે વધુ સશક્ત બની વધુને વધુ પ્રગતિ કરો.

ખજાનચી શ્રીમતિ રંજનાબેને વાર્ષિક હિસાબો રજુ કર્યા. જે સર્વાનુમતે પાસ કરવામાં આવ્યા. જુન માસની સરપ્રાઇઝ ગેમ ગીતાબેન તરફથી રમાડવામાં આવી. જેના વિજેતા રીટાબેન ગાંધી અને અમીબેન પંચોલી થયા.

મિટિંગ દરમ્યાન આખા વર્ષની એકટીવીટી પ્રોજેકટર દ્વારા દર્શાવવામાં આવી. વર્ષ દરમ્યાન થયેલ સ્પર્ધાઓના વિજેતાઓ તથા સરપ્રાઇઝ ગેમના વિજેતાઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું, આખા વર્ષ દરમ્યાન પ્રોજેકટમાં, સ્પર્ધામાં તથા એકસ્ટ્રા પ્રોજેકટમાં જે બહેનોએ વધુને વધુ ભાગ લીધો હોય તેમને હેતલબેન તરફથી ઇનામ આપવામાં આવ્યાં નાના બાળકોની વર્ષ દરમ્યાન કરેલ એકટીવીટીના ઇનામો સોનલબેન તથા ફોરમબેન તરફથી આપવામાં આવ્યા.

વ્યારા સમાજ તરફથી મહિલા મંડળને રૂા. ૯,૦૦૦/-નો ચેક અર્પણ કર્યો તથા હોદ્દેદારો તરફથી રૂા. ૧૦૦૧/- મળ્યા. ફાધર્સ ડે નિમિત્તે પ્રિયંકાબેને સુંદર સ્પીચ આપી. પછી હાઉસી રમ્યા. નેના ઇનામ સ્પોન્સર ગીતાબેન ગાંધી હતા. સમારંભના પ્રમુખ શ્રીમતિ રીટાબેન તથા અતિથિવિશેષ શ્રીમતિ સીમાબેનને

સ્મૃતિભેટ આપી. રીટાબેને તેમના ઉદ્દબોધનમાં યોગાનું મહત્વ જીવનશૈલીમાં કેટલું ઉપયોગી છે તે સમજાવ્યું. અને આસનો પણ કરાવ્યા. સીમાબેન તરફથી તેમનું ઉદ્દબોધન તેમની પુત્રવધૂ એ કર્યુ. સમાજના સક્રિય મેનેજર શ્રી વિજયભાઇ ગાંધીને સ્મૃતિભેટ આપી આભાર માન્યો. વર્ષ દરમ્યાન મિટિંગો, પ્રોજેક્ટો અને એકટીવીટીઓમાં મદદરૂપ થનાર પ્રત્યક્ષ કે પરોક્ષ દરેક વ્યકિતઓનો આભાર વ્યકત કર્યો અંતમાં સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપી છુટા પડયા.

આજના પ્રસંગે મળેલ દાન...

૧૧૧ પદમાબેન રામુભાઇ પંચોલી
૫૧ ઉષાબેન હરીશભાઇ પંચોલી-બર્થડે
૧૦૧ પ્રભાબેન જે. પંચોલી-૫૦મી એનીવર્સરી નિમિત્તે.
૨૦૦ કસુમબેન પંચોલી-બર્થડે-એનીવર્સરી
૨૦૦ હેતલબેન પંચોલી-પ્રનીલની બર્થડે નિમિત્તે
૨૧૦ સોનલબેન પંચોલી-બર્થડે
૨૧૦ સોનલબેન - પાર્થ અમેરીકા પરદેશગમન
૧૦૧ રંજનાબેન પંચોલી-એનીવર્સરી
૫૧ હંસાબેન પંચોલી-બર્થડે
૧૦૧ હેમલતાબેન તરફથી બર્થડે-એનીવર્સરી
૧૦૦ અંજલીબેન - પૌત્ર આરીની બર્થડે
૧૦૦૧ પંચોલી જ્ઞાતિ સમાજ હોદ્દેદારો
૯૦૦૦ શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ-વ્યારા
૧૧૧૧ સીમાબેન-સમારંભ અતિથિવિશેષ
૧૦૦૦ રીટાબેન ગાંધી-સમારંભ પ્રમુખ
૫૦૦ ભાનુબેન હસમુખભાઇ પંચોલી હસ્તે આશાબેન
૧૦૦ નયનાબેન જયેશભાઇ પંચોલી
૨૫૧ આનંદીબેન ભરતભાઇ સી. પંચોલી તરફથી દોહીત્રી ચિ. પ્રાંસી અને પ્રાંજલના જન્મ નિમિત્તે
૫૦૦ પારૂલબેન હિતેશભાઇ ગાંધી
૧૦૧ પ્રવિણાબેનભુપેનભાઇ પંચોલી-એનીવર્સરી
૨૦૦ ફોરમબેન-પાર્થ એમેરીકા ગયા તે નિમિત્તે
૧૦૦ દક્ષાબેન મહેશભાઇ પંચોલી- બર્થડે

## તેજસ્વીની મહિલા મંડળ





મે-૨૦૨૨ની તેજસ્વીની મહિલા મંડળ-વડોદરાની કારોબારી સભ્યોની મિટિંગ સખત ગરમીને ધ્યાને લઇ ઓન લાઇન રાખવાનું નકકી કર્યુ. સદર મિટિંગ તા. ૧૩.૫.૨૨ના રોજ સાંજે ૪ કલાકે નિકુંજબેન પંચોલીની રાહબરી હેઠળ યોજવામાં આવી. મે માસના પ્રોજેક્ટ મુજબ ઠંડા ઠંડા કુલ કુલ, બાળકો માટે મોબાઇલ કેટલો ઘાતક તેના વિશે મંતવ્યો રજુ કરવા, ૧લી મે નિમિત્તે ગુજરાતની ગાથા રજુ કરવામાં આવી.

ઠંડા ઠંડા કુલ કુલ કોમ્પીટીશનમાં બધી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો અને વિવિધ શરબતો બનાવી સુદર સજાવટ સાથે રજુ કર્યા.

મોબાઇલ બાળકો માટે કેટલો ઘાતક એ વિશે બે મિનિટ પોતાના મંતવ્યો રજુ કરી વિડીયો બનાવી મોકલવામાં આવ્યા. ૧લી મે ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે આનંદીબેન ગુજરાતની ગાથા રજુ કરી.

શરબત કોમ્પીટીશનના નિર્ણાયક તરીકે નિકુંજબેને સેવા આપી. જેમાં પ્રથમ આનંદીબેન દ્વિતીય હર્ષાબેન વિજેતા થયા હતા. વિજેતા બહેનોને અભિનંદન પાઠવી છુટા પડયા.

તા. ૧૫.૦૬.૨૦૨૨ની જુન માસની મિટિંગ શ્રીમતિ નિકુંજબેન પંચોલીના નિવાસ સ્થાને બપોરે ૩.૩૦ કલાકે રાખવામાં આવી હતી. નિકુંજબેને સૌ બહેનોનું સ્વાગત આઇસક્રીમથી કર્યુ.

મિટિંગની શરૂઆત શીવ વંદનાથી કરવામાં આવી. સમાજમાં દિવંગત થયેલ આત્માઓની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામાં આવી.

જૂન માસમાં આપેલ પ્રોજેક્ટ અનુસાર લીબું ચમચો


કોમ્પીટીશન નિકુંજબેને રમાડી અને નિર્ણાયક તરીકેની સેવા પણ આપી. જેમાં પ્રથમ પ્રજ્ઞાબેન, દ્વિતીય સપનાબેન વિજેતા થયા. વિજેતા બહેનોને અભિનંદન પાઠવી નિકુંજબેન તરફથી ઈનામ વિતરણ કરવામાં આવ્યું.

વધારાના પ્રોજકટમાં '૫ જૂન વિશ્વ પર્યાવરણ દિન' નિમિત્તે કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. તે ઉપરાંત વિવિધ રંગના કુંડા શણગારી રજુ કરી પર્યાવરણનું મહત્વ સમજાવ્યું. આયુર્વેદની દ્દષ્ટિએ વિવિધ વનસ્પિતિની માહિતીઓ આપી. હેલ્થ કેર માટે યોગાભ્યાસ દ્વારા સપનાબેન અને જ્યોત્સનાબેને સૂર્ય નમસ્કાર અને વિવિધ આસનો બતાવી તેનું મહત્વ સમજાવ્યું.

અંતમાં નિકુંજબેન તરફથી સૌને સ્વાદિષ્ટ ભોજન કરાવવામાં આવ્યું. સ્વાદિષ્ટ ભોજન તથા મિટિંગનું આયોજન કરવા બદલ નિકુંજબેન અને તેમના પરિવારજનો આભાર સૌ બહેનો વતી પ્રજ્ઞાબેને આભાર માન્યો. આગામી મિટિંગ પ્રજ્ઞાબેનને ત્યાં રાખવાનું નકકી કરવામાં આવ્યું. તેજસ્વી મહિલા મંડળને મળેલ દાન રૂા. ૨૫૦/- પ્રજ્ઞાબેન અનુ ભરતભાઇ તરફથી સુપુત્રી અર્પિતાના લગ્ન નિમિત્તે.

રૂા. ૨૫૦/- જયોતિબેન અને કમલેશભાઇ તરફથી સુપુત્ર ગૌરવની સગાઇ નિમિત્તે... મળ્યા. આભાર.

## સ્વર યુથ-વ્યારા




તા.૧૭/૦૭/૨૦૨૨, રવિવાર ના રોજ ચોમાસા ની મજા માણવા સ્વર યુથ વ્યારા એ એક દિવસીય પ્રવાસનું આયોજન ધાટા મુકામે કરેલ હતુ. જેમા મોટી સંખ્યા મા સભ્યોએ પરિવાર સહ હાજર રહી પ્રવાસ ની મજા માણી હતી. શ્રી પંચોલી સમાજ ની વાડી એ થી ટેમ્પા મા સૌ ધાટા પહોંચી હનુમાનજી ના દર્શન કરી, ચા અને ખમણ નો નાસ્તો લઈ ઉજાણી ની શરૂઆત કરાઈ હતી. બાળપણ ના દિવસો ને યાદ કરતા વડવાઈ પર લટકયા અને ઘણી રમતો રમાઇ હતી. ત્યારબાદ ભોજન લઈ વિજેતા ઓને તેમજ બર્થડે ગીફ્ટ નુ વિતરણ કરી મેઘરાજા ના આગમન સાથે સૌ પરત ફર્યા હતા.

## શકિત મહિલા મંડળ-ગણદેવી





ગણદેવી મહિલા મંડળે ફરીથી સક્રિય થવા માટે મિટિંગનું આયોજન તા. ૭.૭.૨૦૨૨ના દિને પ્રમુખ શ્રીમતિ વૈશાલીબેનના નિવાસ સ્થાને રાખવામાં આવી જેમાં ગણદેવી પંચના પ્રમુખ શ્રી ચિંતુભાઇ તથા મંત્રી હેમંતભાઇને આમંત્રીત કરતા તેઓ હાજર રહ્યા હતા.

સૌ બહેનોએ સક્રિય થવાની તૈયારી સાથે ભેગા મળ્યા હતા.

પ્રમુખ ચિન્તુકુમાર અને મંત્રી હેમંતભાઈએ મહિલા મંડળને પ્રોત્સાહિત કરવા રૂા. ૫૦૦૧/- આપવાનું જણાવ્યું હતું. અને સક્રિય મહિલા મંડળનું નામકરણ 'શકિત મહિલા મંડળ-ગણદેવી કરવામાં આવ્યું. જુલાઇ માસની મિટિંગ તા. ૧૩.૦૭.૨૦૨૨ને ગુરૂપૂર્ણિમાના દિવસે ગુરૂપૂર્ણિમા અને ગૌરીવ્રત ઉજવવાનું નકકી કરી અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

તા. ૧૩.૦૭.૨૦૨૨ને ગુરૂપૂર્ણિમાના દિવસે પ્રમુખ શ્રીમતિ વૈશાલીબેનના નિવાસ સ્થાને શકિત મહિલા મંડળ ગણદેવીની જુલાઈમાસની મિટિંગ રાખવામાં આવી. સૌ બહેનો અને દીકરીઓ ખૂબ જ સરસ તૈયાર

થઇ ગોરમાની ટોપલી શણગારી લઇને આવ્યા હતાં.

પ્રથમ વૈશાલીબેને સૌને આવકાર્યા. પંચના પ્રમુખ ચિન્તુકુમારે રૂા. ૫,૦૦૦/ની ભેટ આપી. જીગીશાબેન અને વૈશાલીબેને પુષ્પગુચ્છ આપી તેમનુ સન્માન કરી આભાર વ્યકત કર્યો. અલૂણા કરતી બાળાઓને અલૂણા નિમિત્તે ગીફ્ટ આપી.

ગુરૂપૂર્ણિમા નિમિત્તે સૌ બહેનોએ પોતાના જીવનમાં ગુરૂનું મહત્વ પોતાની ભાવવાણીમાં રજુ કરી. શ્રીમતિ ભાવનાબેન હેમંતભાઇ મિસ્ત્રીની એનીવર્સરી નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી. ભાવનાબેને એનીવર્સરી નિમિત્તે રૂા. ૧૦૧ મહિલા મંડળને ભેટ આપી. જે સહર્ષ સ્વીકારી આભાર માન્યો.

અંતમાં મીલ્કશેકને ન્યાય આપી છુટા પડયા.

# દેવના દિધેલ



રાજપીપલા નિવાસી નિરજકુમાર નરેન્દ્રભાઇ પંચોલીને ત્યાં ટવીન્સ પુત્રીરત્નો ચિ. પ્રાંજલ અને ચિ. પ્રાંસીનો જન્મ તા. ૧૨.૦૫.૨૦૨૨ના રોજ થયો..

માતા : નિધિબેન

# અનુકરણિય....




**કુ. હયુષા નરેશભાઇ પંચોલી**

સુરત નિવાસી ડૉ. નરેશભાઇ સી. પંચોલીની સુપુત્રી **કુ. હયુષા નરેશભાઇ પંચોલી**ની પસંદગી અત્યંત પ્રતિષ્ઠિત એવી Erasmus Mundus Fellowship માટે થઇ છે.

આ કાર્યક્રમ હેઠળ હયુષા M.Sc. Plant Breeding નો અભ્યાસ હંગેરી અને ઓસ્ટ્રીયામાં એક એક વર્ષ માટે કરશે. વિશ્વમાં માત્ર ૨૩ વિદ્યાર્થી આ માટે પસંદ થયા છે જેમાં હયુષા એક છે.. હયુષાએ B.Sc. માં Horticultureમાં ૨ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. ચિ. હયુષાના ઉજ્જવળ ભવિષ્ય માટે સમગ્ર સમાજ તરફથી હાર્દિક શુભકામનાઓ...

ચિ. હયુષાના પરદેશગમન પ્રસંગે શ્રી નરેશભાઇ સી. પંચોલી તરફથી મહામંડળને નીચેના હેતુ માટે કુલ ૫૧,૦૦૦નું દાન મળ્યું છે..

**રૂા. ૫,૦૦૦ પંચોલી નવયુગ, રૂા. ૨૩,૦૦૦ સમાજપિતા સ્વ. છગનલાલ ત્રીભોવનદાસ મિસ્ત્રી સ્મારકનિધિ શૈક્ષણિક સહાય માટે તથા રૂા. ૨૩,૦૦૦ તબીબી સેવા સંકુલ (મેડીકલ સહાય) માટે**


ઉપરોકત દાન સહર્ષ સ્વીકારી શ્રી નરેશભાઇ પ્રતિ આભાર વ્યકત કરે છે...

| | | |
|---|---|---|
| શ્રી હિતેષભાઇ પી. ગાંધી- પ્રમુખ | શ્રી દિનેશભાઇ મિસ્ત્રી-તંત્રી | શ્રી ધવલભાઇ પંચોલી-અધ્યક્ષ |
| શ્રી જયેશાઇ પંચોલી-મહામંત્રી | શ્રી મલયભાઇ મિસ્ત્રી-સહતંત્રી | શ્રી નિલેશભાઇ પંચોલી-મંત્રી |
| શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ | પંચોલી નવયુગ | સ્વ.સી.ટી.સ્મારક નિધિ |


ડૉ. વિસ્મય મિસ્ત્રી-અધ્યક્ષ શ્રી પારસભાઇ મિસ્ત્રી-મંત્રી
તબીબી સેવા સંકુલ

શ્રી પંચોલી સેવા સમાજના ઑફિસ બેરર તથા તમામ સંલગ્ન સંસ્થાના હોદ્દેદારો


# એકવાર જાવુ હરીના ધામમાં



રાજપીપલા નિવાસી શ્રી કંચનભાઇ હિંમતભાઇ પંચોલી તા. ૨૨. ૧૨. ૨૦૨૧ ના રોજ હરીના ધામમાં ગયા.



મુંબઇ વસઇ નિવાસી શ્રી રજનીકાંત ચીમનલાલ પંચોલી તા. ૦૮.૦૬.૨૦૨૨ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૭૨



નવાપુર(હાલ સાર્લોટ-યુએસ.એ.) નિવાસી તથા મહામંડળના માજી મહામંત્રી શ્રી અરવિંદભાઇ ના. પંચોલીના જમાઇ પ્રવિણચંદ્ર મણીલાલ પંચોલી તા. ૧.૦૬. ૨૦૨૨ ના રોજ હરીના ધામમાં ગયા.



રાજપીપલા નિવાસી ગં.સ્વ. અનસોયાબેન અશોકભાઇ પંચોલી તા. ૨૪.૦૬.૨૦૨૨ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૭૨



વ્યારા(સીનોર)નિવાસી શ્રી ચંપકભાઇ દામોદરદાસ પંચોલી તા. ૦૫.૦૭.૨૦૨૨ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૯૨




સુરત નિવાસી ગં.સ્વ. પ્રવિણચંદ્ર અમ્રતલાલ ઝવેરી તા. ૧૧.૦૭. ૨૦૨૨ ના રોજ હરીના ધામમાં ગયા.



બીલીમોરા નિવાસી રમેશચંદ્ર ગુલાબભાઇ પંચોલી તા. ૧૬.૦૭. ૨૦૨૨ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૮૬



મુંબઇ અંધેરી નિવાસી શ્રી પ્રમોદભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી તા. ૧૨.૦૫.૨૦૨૨ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૮૧



રાજકોટ(ધમણાચા) નિવાસી શ્રી જયંતિભાઇ ભગવાનજી પંચોલી તા. ૨૯.૦૫.૨૦૨૨ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૭૯



વડોદરા(સંખેડા)નિવાસી ગં.સ્વ. મધુબેન પરસોત્તમદાસ પંચોલી તા. ૨૯.૦૬.૨૦૨૨ ના રોજ હરીના ધામમાં ગયા.




વડોદરા નિવાસી ગં.સ્વ. રમણબેન ડાહ્યાભાઇ પંચોલી તા. ૨૨.૦૬. ૨૦૨૨ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૯૨



ઉધના-સુરત નિવાસી દિપકભાઇ ભાઇલાલ પંચોલી તા. ૦૭. ૦૭. ૨૦૨૨ ના રોજ હરીના ધામમાં ગયા.




કવાંટ નિવાસી ચંદ્રકાંતભાઇ દલસુખભાઇ પંચોલી તા. ૧૩.૦૭. ૨૦૨૨ના રોજ હરીના ધામમાં ગયા.



મુંબઇ-કાંદીવલી નિવાસી શ્રી રજનીકાંત છગનલાલ ઘેલાભાઇ પંચોલી તા. ૨૨.૦૭.૨૦૨૨ના રોજ હરીના ધામમાં ગયા છે... ઉ.વ. : ૭૭

# તેજસ્વી તારલાઓ....


સીયા જીજ્ઞેશભાઇ
પંચોલી
SSC-98.24PER


યુગ આશિષભાઇ
પંચોલી-વ્યારા
SSC-95.91PER


દિયા દેવાંગકુમાર
ગજ્જર-સુરત
SSC-95.57PER


કુશ ધવલકુમાર
પંચોલી-વડોદરા
SSC-92.46PER


ભવ્ય વિશાલભાઇ
પંચોલી
SSC-91.42PER


નંદિની વિકાસકુમાર
પંચોલી-વડોદરા
SSC-86.60PER


રૂદ્ર શ્વેતશ્યામભાઇ
પંચોલી-વડોદરા
SSC-85.18PER


કાવ્ય સચિનકુમાર
પંચોલી-વડોદરા
SSC-82.82PER


હર્ષિતા હિરલકુમાર
મિસ્ત્રી-મુંબઇ
SSC-89.8%


લવીના પરાગભાઇ
મિસ્ત્રી-મુંબઇ
SSC-81.60%


વિશ્વા જીજ્ઞેશકુમાર
પંચોલી-જબુગામ
SSC-75.76PER


ખુશી કમલેશભાઇ
પંચોલી-વડોદરા
SSC-89.06PER


રાજ ચિંતુકુમાર
મિસ્ત્રી-ગણદેવી
SSC-74.69PER



વેદાંશી દિપકકુમાર
પંચોલી-વડોદરા
HSC(Si)-97.04PER


શયાની જયદેવપ્રકાશ
પંચોલી-પાનવડ
HSC(Gen)-89.24 PER


મોક્ષ હર્ષેશભાઇ
મહેતા-બીલીમોરા
HSC(Com)87.14%


વિરાજ વિપુલકુમાર
પંચોલી-સુરત
HSC(Com)75.33%



અવની આનંદકુમાર
પંચોલી-નવસારી
B.Sc. Maths
83.88%


પ્રણાલી કમલેશભાઇ
પંચોલી-મુંબઇ
M.Sc. (f.c.Sc.)
76.8%


ધ્રુવી કમલેશભાઇ
પંચોલી-વડોદરા
B.Engg,Comp.Engg


સ્વ. ભીખુભાઈ ઠાકોરભાઈ મિસ્ત્રી ધ્યારા સ્વ. મગનભાઈ હરીભાઈ મિસ્ત્રી ધ્યારા

## અનુકરણીય



અંકલેશ્વર નિવાસી શ્રી ચંદુલાલ હરગોવિંદદાસ પંચોલી તરફથી ૭૧માં જન્મ દિવસ નિમિત્તે પંચોલી નવયુગને રૂા. ૧૦૦૧ ભેટ મળ્યા છે......
ખૂબ ખૂબ આભાર...

શ્રી પંચોલી સેવા સમાજ - મહામંડળ ને અંકલેશ્વર નિવાસી શ્રી નિલેષભાઈ સોમાભાઈ મહેતા ના પરિવાર તરફથી સ્વ. કુ. વૃશાલી નિલેશભાઈ મહેતા ની તારિખ 10 / 07 / 2022 ના રોજ તૃતીય પુણ્ય તિથિ નિમિત્તે તેની સ્નેહ સ્મૃતિ માં શૌક્ષણિક સહાય ફંડ ખાતે રુપિયા 5001/_ ( રુપિયા પાંચ હજાર એક ) દાન પેટે આપવામાં આવ્યા છે.




સ્વ. કુ. વૃશાલી નિલેશભાઈ મહેતા

## કુર્યાત સદા મંગલમ્



નવસારી નિવાસી શ્રીમતિ સીમાબેન તથા સ્વ. દિપકભાઈ નટવરલાલ મિસ્ત્રીના સુપુત્ર ચિ. નિશિરના લગ્ન ચિ. મનાલી સાથે તા. ૧૪.૦૪.૨૦૨૨ના રોજ થયા...

અંકલેશ્વર નિવાસી શ્રીમતિ જયશ્રીબેન તથા શ્રી પરેશભાઈ મગનભાઈ પંચોલીના સુપુત્ર ચિ. હર્ષલના શુભ લગ્ન બીલીમોરા નિવાસી શ્રીમતિ પ્રજ્ઞાબેન તથા રશ્મીનભાઈ બીપીનચંદ્ર મહેતાની સુપુત્રી ચિ. કોમલ સાથે તા. ૧૫.૦૪.૨૦૨૨ના રોજ થયા...



## તેજસ્વી તારલાઓ....



હર્ષ પ્રકાશભાઈ પંચોલી-મુંબઈ
M.B.A. in Construction Project Management(C.P.M.)



અંજલી આનંદભાઈ પંચોલી-નવસારી
Fashion Designer
Thesis Gold Medal
1st in Uni.



**નવયુગ શુભચિંતક** | શ્રી હરકીશનદાસ ઝીણાભાઈ પંચોલી વ્યારા | શીવા ડાઈનીંગ સર્વિસ વ્યારા

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed : Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, Malay-98240 64282. Email : pancholinavyug@gmail.com**